# ઉદ્‌ગમ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે સુરોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપવા યોજવામાં આવેલ બે ઉદ્‌ગમ મ્યુઝિક ફેસ્ટિવલની અદભુત સફળતા બાદ લોકલાગણીને માન આપીને ઉદગમ દ્વારા ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સંગીતને પ્રોત્સાહન આપવા સારુ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ઉદગમ સુરોત્સવનું આયોજન તારીખ ૧૫મી ડિસેમ્બર ને રવિવારના રોજ સાંજે ૮.૩૦ વાગ્યાથી જીમખાના, સેક્ટર-૧૯ ખાતે કરવામાં આવ્યું છે.

ઉદગમ સુરોત્સવમાં પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય કલાકાર ભારતના પં. સિદ્ધાર્થ બેનર્જી, 'સિદ્ધ વીણા' સાથે નોર્વેથી આવેલા યુરોપના ગિટારવાદક ઓલે આંદ્રે ફર્સ્ટડ તથા આપણા પોતાના ગાંધીનગરના બલ્લુ સિંધા અને દીપ વ્યાસ તેમની સાથે તબલા પાર સંગત કરશે.

પંડિત સિદ્ધાર્થ બેનર્જીએ 'મહિયર ઘરના'ને પોતાની યુનિક અને મેજિકલ ઈન્સ્ટ્રુમેન્ટ 'સિદ્ધ વીણા'ની સાથે એક નવો આયામ આપ્યો છે. ૭૦મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાના સન્માનમાં કરવામાં કાર્યક્રમમાં પંડિત સિદ્ધાર્થ બેનર્જીને સિદ્ધ વીણા વાદન રજૂ કર્યું હતું. તેમને બધા મહાનુભાવો અને ખાસ કરીને વડાપ્રધાન તરફથી પ્રેમપૂર્ણ પ્રેમ અને પ્રશંસા મળી હતી. તેમણે કંપોઝર તરીકે અનેક પ્રોજેક્ટ્સ કર્યા છે અને દૂરદર્શન, ઈન્સિંક, આજ તક, એનડીટીવી, ડીડીએસયાયાદ્રી, પાઈપ ચેનલ વગેરે માટે ટેલિવિઝન શોઝમાં પણ તેમની કલા પ્રદર્શન કર્યું છે.

નોર્વેથી આવેલ ઓલે આન્દ્રે ફર્સ્ટાડ યુરોપના ખૂબ વખણાયેલા પ્રખ્યાત ગિટારવાદક અને કોમ્પોઝર છે.લંડનની ગિલ્ડહાલ સ્કૂલ ઓફ મ્યુઝિક એન્ડ ડ્રામામાંથી મ્યુઝિકમાં માસ્ટર ડીગ્રી મેળવેલ છે. તે વિશ્વભરના ઘણા દેશોમાં પરંપરાગત સંગીત અને વિશેષ તંતુ વાદ્યનો અભ્યાસ પણ કરી ચૂક્યા છે. તે જાઝ્ઝ, ફ્લામેંકો, મેટલ, ક્લાસિકલ અને એક્સ્પેરિમેન્ટલ મ્યુઝિક જેવા મ્યુઝિકલ શૈલીના વિવિધ સેટમાં કામ કરે છે. તે આખા વિશ્વમાં પ્રવાસ કરે છે અને રચનાત્મક સંભાવનાઓ પર કામ કરે છે.

ગાંધીનગરના સૌ સંગીતપ્રેમી નગરજનોને અને ખાસ કરીને યુવાનોને ફ્યુઝન મ્યુઝિકનો આસ્વાદ માણવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટનાં બે સ્વયંસેવકોએ વેસ્ટ ઝોન પ્રિઆરડીસી કૅમ્પમાં ભાગ લીધો હતો. હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત આ કૅમ્પમાં શિવાની પટેલ અને રિદ્ધિ ગઢવીએ ભાગ લીધો હતો, જેમાં મહારાષ્ટ્ર, ગોવા, આંધ્રપ્રદેશ, દીવ, દમણના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આ દસ દિવસીય કૅમ્પમાં યોગ, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઍકેડેમિક સૅશન્સ વગેરે ઉપક્રમોમાં બંને વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. બંને વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન ઍનઍસઍસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા પ્રાપ્ત થયું હતું. કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ બંને વિદ્યાર્થિનીઓને કૉલેજ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયનું નામ રોશન કરવા બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ગુરુવારે પોતાના ૧૬મા 'સ્થાપના દિન'ની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શાળાના સ્થાપનાદિનને આનંદના વાતાવરણમાં પરિવર્તિત કર્યો હતો. શાળાના ટ્રસ્ટી, ડિરેક્ટર, આચાર્ય, એચ.ઓ.ડી. તેમજ શિક્ષકોએ આ પ્રસંગે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેરક ઉદ્‌બોધનો કર્યા હતાં.



કલોલ તાલુકાની કોઠા પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. આચાર્ય સંજયભાઈ ભગોરાના નેતૃત્વ હેઠળ આ ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઈન્ફોસિટી સ્કૂલમાં યોગ પ્રવચન-નિદર્શન



ગાંધીનગર, તા. ૧૨

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે યોગ પ્રવચન અને નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લકુલીશ યોગ યુનિવર્સિટીના આચાર્ય અને સુરતની વાડિયા કૉલેજમાં સંસ્કૃતના પ્રૉફેસર રહી ચૂકેલાં પૂ. વિદૂષીમાનાં પવિત્ર પ્રેમવચનોથી સમગ્ર કાર્યક્રમ ભક્તિમય બની રહ્યો હતો. તેમના ભક્તિમય પ્રવચનથી સંસ્થાના સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. સંસ્થાના ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યા અને આચાર્ય જ્યોતિબેન ભાવસારે અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

યોગ જીવન માટે કેટલો જરૂરી છે તે વિશે વિદૂષીમાએ વિશદ્ ચર્ચા કરી હતી. તેમનું પ્રવચન ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર આપણી પરંપરાઓને ગૌરવ અર્પનાર બની રહ્યું હતું. લકુલીશ યુનિવર્સિટીની બે વિદ્યાર્થિનીઓએ યોગાસનોનું અદ્‌ભુત નિદર્શન પણ કર્યું હતું, જેને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી, ઉપાધ્યક્ષ હીનાબેન ગગલાણી, મહિપતસિંહ, રણજીતસિંહ વાઘેલા, ડુંગરસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અધ્યાપક તુષારકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ડાયરેક્ટ સે

બધા દિવસો સારા નહીં મળે
પણ દરેક દિવસમાં
કંઈક તો સારું મળશે જ

## જન્મદિને વધામણી



અનંત પટેલ



છાયાબેન વાય પંડ્યા
વહીવટી અધિકારી
તબીબી વિભાગ



સતિષકુમાર સી ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# દક્ષિણ આફ્રિકામાં ભારતીયો દ્વારા રચાયેલાં નાટકોનું સૌપ્રથમ વિવેચન

ગાંધીનગર નિવાસી અધ્યાપક અને લેખક ડૉ. પ્રણવ જોષીપુરાનું પાંચમું પુસ્તક પ્રકાશિત થયું છે : 'સાઉથ આફ્રિકન ઈન્ડિયન ડ્રામા.' ભારતીયો દ્વારા દક્ષિણ આફ્રિકામાં લખાયેલાં, પ્રકાશિત થયેલાં નાટકો પરનું વિવેચન એ આ પુસ્તકની વિશેષતા છે.

પુસ્તક દળદાર છે ને એમાં સમાયેલી માહિતી પણ ઘણી બધી અને ઘણી બધી રસપ્રદ છે, પરંતુ પુસ્તકના સર્જન અંગેની ઘટના પણ એટલી જ રસપ્રદ છે. એમાંય ડૉ. જોષીપુરાના સ્વમુખે આ ઘટનાનું વિવરણ પુસ્તક જેટલું જ રસપ્રદ બની રહે છે.

દક્ષિણ આફ્રિકામાં ભારતીયોનો નિવાસ ૧૫૦ કરતાં વધુ વર્ષોથી. મૂળ એ લોકોને શેરડીનાં ખેતરોમાં કામ કરવા માટે પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ કરીને ત્યાં બોલાવવામાં આવેલા. પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થાય એટલે એમની સામે બે વિકલ્પ મૂકવામાં આવતા : પહેલો - ભારત પાછા જવા માટે જહાજની ટિકીટ અથવા પુનઃ પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ. આ બીજી વારનો પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ સફળતાપૂર્વક ભારતીય શ્રમિક પૂર્ણ કરે પછી એને જમીનનો એક નાનો ટૂકડો મળી શકે, જેના પર એ પોતે ખેતી કરી શકે. આમ, સરવાળે ૧૦ વર્ષ પછી ભારતીય દક્ષિણ આફ્રિકામાં આઝાદ થઈને જીવી શકે એવી વ્યવસ્થા. એ વ્યવસ્થાય સાચવીને અનેક ભારતીયો ત્યાં સ્થાયી થયા અને પોતાને મળેલી જમીનમાં શાકભાજી ઉગાડવાનું શરૂ કર્યું. શાકભાજી એ દૈનિક જરૂરિયાતની વસ્તુ હોવાથી તેઓ કમાતા પણ થયા. અને પહેલેથી જ દીર્ઘદૃષ્ટિવાળા હોવાથી એમણે પોતાનાં સંતાનોને ભણાવવાનું શરૂ કર્યું; સંતાનોને ભણાવવાના એ પણ અંગ્રેજી સ્કૂલમાં. કારણ કે વહીવટની ભાષા અંગ્રેજી હતી. ભારતીયોનાં આ અંગ્રેજી ભણેલાં સંતાનો વખત જતાં વિવિધ સ્થાનો પર નોકરીએ લાગ્યા અને આમ વહીવટમાં પણ ભારતીયોની સંખ્યા દેખાવા લાગી. કહો કે ભારતીયોને ત્યારે ખરી ઓળખ મળી, એ લોકો પોતાના નામથી ઓળખાતા થયા. અગાઉ જ્યારે શેરડીના ખેતરોમાં શ્રમ માટે કોન્ટ્રાક્ટમાં હતા ત્યારે તો એમને એક ટિન નંબર આપવામાં આવ્યો હતો અને આ ટિન નંબર જ વર્ષો સુધી એમની ઓળખ બની રહ્યો હતો.

આર્થિક, અભ્યાસ અને ઓળખના આ સ્તરની સાથે સાથે અન્ય એક સ્તર પણ વિકસી રહ્યો હતો અને એ સ્તર હતો સંસ્કૃતિનો સ્તર.

ડૉ. જોષીપુરાના જ શબ્દોમાં કહીએ તો 'પોતાનાં વસ્ત્રો, ખોરાક, પરંપરા, તહેવારો, કલા કે રીતિ-રિવાજો સાચવવા એટલે સરવાળે પોતાની સંસ્કૃતિને સાચવવી.' દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયોએ આ સુપેરે કર્યું હતું. ભારતીય હોય એટલે ઈશ્વર પર આસ્થા હોય અને આસ્થા હોય ત્યાં મંદિર પણ હોય એ નાતે ઘણાં ભારતીયોએ પોતાની જમીનોમાં નાનાં મંદિરો પણ બાંધ્યાં હતાં. આ મંદિરો પણ તેમની સાથે વિકસતાં ગયાં અને સમય જતાં આ મંદિરોમાં જ ટૅમ્પલ ફૅસ્ટિવલની શરૂઆત થઈ.

ભારતનો ખ્યાત ડાન્સ-ડ્રામા પ્રકાર કથકલી ભારતીયો સાથે ત્યાં પહોંચ્યો હતો. એની વિધિવત ભજવણી આ ટૅમ્પલ ફૅસ્ટિવલમાં થવા લાગી. અલબત્ત, ત્યાં એને થેરૂકુથ્થુ નામથી ઓળખવામાં આવતો હતો. ટૅમ્પલ ફૅસ્ટિવલમાં નાટકોની ભજવણી પણ થતી ગઈ અને આ નાટકો યુવા વિદ્યાર્થીઓના માધ્યમથી સ્કૂલ અને કૉલેજકક્ષાએ પણ ભજવાવા લાગ્યાં અને તેમનો વિસ્તાર થયો.

૧૯૪૮માં રંગભેદ નીતિ આવી, જેનો સામનો ભારતીયોને પણ કરવો પડ્યો. કપરા સમયમાં જેમ કલા અને સાહિત્ય પણ વિરોધનું માધ્યમ બની જાય છે એમ એ સમયે દક્ષિણ આફ્રિકામાં લખાયેલાં, ભજવાયેલાં નાટકોમાં રંગભેદ નીતિ સામે વિરોધ પણ જોવા મળ્યો. ડૉ. પ્રણવ જણાવે છે કે, 'એ સમયે ત્યાંનું વાતાવરણ લોકશાહી દેશમાં કટોકટી જેવું હતું. નીતિ સામે સ્હેજમાત્ર પણ વિરોધ થાય તો પણ નાટ્યસર્જકની કે એની સાથે સંકળાયેલા કલાકારોની ધરપકડ થઈ જતી. આ વેળાનો



પુસ્તક પરિચય
કુંતલ નિમાવત
knn786@gmail.com

એક પ્રસંગ તો એવો છે કે આ નીતિનો વિરોધ કરતું એક નાટક સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવ્યું. તો રાતોરાત નાટ્યકારે નાટક બદલી નાખ્યું, એક રાતમાં કલાકારો પાસે તૈયાર પણ કરાવી લીધું અને બીજે દિવસે ભજવ્યું પણ ખરૂં !'

૧૯૯૪માં રંગભેદ નીતિના ગમન પછી અહીંનાં ભારતીયો માટે મહત્ત્વનો મુદ્દો હતો ઍડજસ્ટમૅન્ટનો. ૧૮૬૦થી આ દેશમાં વસતા ભારતીયો હવે તો આ જ દેશના થઈ રહ્યા હતા અને તેમની નવી પેઢી પોતાને આ જ દેશના રહેવાસી માનવા લાગી હતી. અલબત્ત, એમનાં મૂળ ભારતીય હતાં એ વાતનો એમને અહેસાસ હતો પણ હવે અહીંના જ થઈને રહેવાનો એમનો નિર્ણય પણ હતો. વળી, રંગભેદ નીતિ એમણે ક્યાંક જોઈ હતી અને એમાંથી છૂટકારો પણ મહેસૂસ કર્યો હતો. નવા દક્ષિણ આફ્રિકામાં પોતાની જાતને કેવી રીતે સૅટ કરવી, આ દેશમાં કેવી રીતે ભળવું, ઍડજસ્ટ થવું એ હવે તેમનો મુદ્દો હતો. એટલે આ સમયગાળા દરમિયાન અહીં લખાયેલાં નાટકોમાં ભારતીયોના ઍડજસ્ટમૅન્ટના વિષયો બહુધા જોવા મળ્યા.

ક્રિષ્ના શાહ નામના ભારતીય નાટ્યકારનું નામ ત્યારે બહુ જાણીતું. એમણે અમેરિકામાં ટાગોરનાં નાટકોના સફળ પ્રયોગો કરેલા. એમના નામની સુવાસ દક્ષિણ આફ્રિકામાં પણ પહોંચી હતી. ૧૯૬૪માં ભારતીયો દ્વારા તેમને અમેરિકામાં બોલાવવામાં આવ્યા અને ક્રિષ્ના શાહે વિધિસર ડરબન ઍકેડેમી ઑફ થિયેટર આર્ટ્સમાં પ્રથમ નાટ્ય વર્ક-શૉપનું સંચાલન કર્યું. આ વર્ક-શૉપની સફળતારૂપે તે સંપન્ન થયા પછી તેમણે સ્થાનિક ભારતીયોએ પોતે લખેલાં ૩ નાટકો (ટ્રાયો)નો સફળ શો પણ દક્ષિણ આફ્રિકામાં કર્યો, જે ખૂબ સફળ રહ્યો.

એ પછી નવી પેઢી અહીં નાટકો લખતી, ભજવતી થઈ, જે નાટકો મનોરંજન માટે સર્જાતાં હતાં.

આમ, દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની નાટ્ય સંદર્ભની યાત્રાના તબક્કા જોઈએ તો ઓળખનું પ્રસ્થાપન, સંસ્કૃતિ સંવર્ધન, રંગભેદ નીતિનો વિરોધ, ઍડજસ્ટમૅન્ટના પ્રશ્નો અને પછી મનોરંજન સુધી પહોંચ્યો.

પુસ્તકમાં અને લેખક સુધી આ આખીય યાત્રા પહોંચી છે આ નાટકોનાં માધ્યમોથી જ. લેખકે નાટકોનો ગહન અભ્યાસ કર્યો, એ અભ્યાસ હેતુ પોતે દક્ષિણ આફ્રિકા ગયા, નાટ્યકારોનો સંપર્ક કર્યો, એમાંથી આ આખીય યાત્રાની વિગતો બહાર આવી અને લેખકને દક્ષિણ આફ્રિકામાં લખાયેલાં નાટકોનું વિવેચન કરવાનો વિચાર સ્ફૂર્યો.

આ અંગેની વિગતો પણ રસપ્રદ છે. ડૉ. પ્રણવ જોષીપુરા ૨૦૧૦માં દક્ષિણ આફ્રિકા ગયા હતા, ત્યાં સ્થાનિક સહયોગી સાથે 'પોતાને નાટ્ય વિષયમાં રસ છે' એવો ઉલ્લેખ કરતાં સહયોગી એમને યુનિવર્સિટીમાં ભજવાઈ રહેલું એક નાટક જોવા લઈ ગયા. એ એક સોલો પ્લે હતું, પરંતુ નાટક જોતાં ડૉ. જોષીપુરાને આશ્ચર્ય એ થયું કે એમાં હિન્દી ફિલ્મનાં ગીતો અને ડાયલોગ્સનો ભરપૂર ઉપયોગ થયો હતો. એમણે આ માટેનું કારણ સહયોગીને પૂછ્યું તો એમણે કહ્યું કે આ નાટક ભારતીય દ્વારા લખવામાં આવ્યું છે, એટલે એમાં ભારતીય સિનેમાના રંગ જોવા મળે છે. ડૉ. જોષીપુરાને આનંદ થયો અને તેઓ નાટકનાં લેખકને મળ્યા, બ્રેવલી નાયડુ એમનું નામ. એમની સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે દક્ષિણ આફ્રિકામાં તો ભારતીયો દ્વારા સર્જાયેલાં નાટકોનો લાંબોલચક ઈતિહાસ છે.

ડૉ. જોષીપુરાના મનમાં વાત વસી ગઈ. એમણે સ્વદેશ પરત આવી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) સમક્ષ પ્રસ્તાવ મૂક્યો, જેમાં એમણે જણાવ્યું કે સાહિત્યનું આ આખુંય ખેતર વણખેડાયેલું પડ્યું છે. યુજીસીને આ સંશોધનની અગત્ય અનુભવાઈ અને આ વિષયે સંશોધન માટે એમને યુજીસીની મંજૂરી મળી ગઈ. એ પછીની સંશોધનની યાત્રા બહુ રોચક રહી. અનેક નાટ્યકારોનાં નામો વિવિધ માધ્યમોથી એમણે જાણ્યાં, એમનો સંપર્ક પણ કર્યો, નાટકો ખરીદ્યાં, વાંચ્યાં અને નાટ્યસર્જન અંગેની કે નાટ્યના ઈતિહાસ અંગેની વિગતો પણ તેમણે દિલ ખોલીને સર્જકો પાસેથી ને અન્યો પાસેથી સાંભળી, જે સરવાળે આ સંશોધનને સમૃદ્ધ બનાવવામાં અગત્યનો ભાગ



ભજવી ગઈ.

આ જ સંશોધનના પ્રતાપે વર્ષ ૨૦૧૬માં દક્ષિણ આફ્રિકા ખાતે અને ૨૦૧૭માં બ્રસેલ્સ, બેલ્જિયમ ખાતે આયોજિત વર્લ્ડ થિયેટર કૉન્ફરન્સમાં તેમને વક્તા તરીકે આમંત્રણ મળ્યું હતું. એશિયાભરમાંથી આ કૉન્ફરન્સમાં ભાગ લેનારા તેઓ એકમાત્ર નાગરિક હતા.

આમ તો ૧૨૫થી વધુ નાટકોની સંખ્યા તેમની સામે આવી હતી, પરંતુ અભ્યાસને સમર્થન મળી રહે તે હેતુથી તેમણે માત્ર પ્રકાશિત નાટકોનો સમાવેશ જ સંશોધનમાં કર્યો અને આ પુસ્તકમાં કુલ ૩૭ નાટકોનું વિશ્લેષણ તેમણે સમાવ્યું છે. 'બધાં જ નાટકો બહુ જ સુંદર છે' એવું કહેતાં ડૉ. જોષીપુરાને જ્યારે સવાલ કરાયો કે 'તમને આ પૈકી કયું નાટક સૌથી વધુ ગમ્યું ?' ત્યારે એમણે તરત જવાબ આપ્યો કે, 'રિઓકા લાઈટ.' અશ્વિન સિંહ દ્વારા આ નાટક લખવામાં આવ્યું છે, જેમાં ભારતીયોની દક્ષિણ આફ્રિકામાં શરૂઆતની વાત બહુ જ રોચક અંદાજમાં સમાવવામાં આવી છે.

ડૉ. પ્રણવ જોષીપુરાનું આ વિષયનું આખુંય સંશોધન તો ૧૨૦૦ પાનાંનું છે, પરંતુ એ સમગ્ર સંશોધન પુસ્તકરૂપે પ્રકાશિત કરવું અત્યંત મુશ્કેલ હોઈ તેમણે જાતે જ ટૂંકાવીને પોતાનું સંશોધન ૪૨૫ પાનાંમાં અંગ્રેજી ભાષાના માધ્યમથી સમાવ્યું છે. ઍમેઝોન દ્વારા તેનું પ્રકાશન થયું છે ને તેની કિંડલ તથા પેપરબૅક ઍડિશન ઍમેઝોન તરફથી વેચાણ માટે ઉપલબ્ધ છે.

દક્ષિણ આફ્રિકામાં ભારતીયો દ્વારા રચાયેલાં નાટકો અંગે સૌપ્રથમ સંશોધન હોય, સૌપ્રથમ પુસ્તક હોય અને એ પણ એક ગુજરાતી સજ્જન દ્વારા હોય એનો આનંદ સ્વાભાવિક છે. આ આનંદ વ્યક્ત કરતાં ડૉ. પ્રણવ જોષીપુરાને લખ-લખ અભિનંદન અને પુસ્તકને દિલથી આવકાર !

